**જાહેરાત ક્રમાંક –**

**૧૧ માસના કરાર આધારિત ભરતી કરવા બાબત**

નેશનલ હેલ્થ મિશન અંતર્ગત રાજકોટ જિલ્લામાં નીચે જણાવેલ કર્મચારીનો જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર ધોરણે ભરવા, પસંદગી યાદી તથા તેની પ્રતિક્ષાયાદી બનાવવા સદરહુ જાહેરાત આપવામાં આવેલ છે. માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૩૧-૦૮-૨૦૨૩ થી તા. ૦૬-૦૯-૨૦૨૩ સુધીમાં આરોગ્યસાથી સોફ્ટવેરની લીંક https://arogyasathi.gujarat.gov.in પર PRAVESH મોડ્યુઅલમાં ઓનલાઇન અરજી કરવાની રહેશે.

ઉપરોક્ત જગ્યા માટેની જરૂરી લાયકાત, ઉંમર અંગેની સ્પષ્ટતા ઉચ્ચક માસિક વેતન તથા અનુભવ અંગેની સ્પષ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ | જરૂરી શૈક્ષણિક લાયકાત | ઉંમર | ઉચ્ચક માસિક વેતન |
|---|---|---|---|---|
| ૧ | મેડીકલ ઓફિસર(MBBS)<br>UHWC<br>(કુલ જગ્યા – ૯) | ૧) સરકારમાન્ય કોલેજ/યુનિ. માં MBBSની ડીગ્રી હોવી જોઈએ<br>૨) અન્ય દેશમાંથી મેળવેલ MBBS સમકક્ષ લાયકાત ધરાવતા ઉમેદવારોએ ઇન્ડીયન મેડિકલ કાઉન્સીલ એક્ટ 1956મુજબની The Foreign Medical Graduates Examination (FMGE)ની માર્કશીટ અપલોડ કરવાની રહેશે.<br>૩) ગુજરાત મેડીકલ કાઉન્સિલમાં રજીટ્રેશન હાલની સ્થિતિએ ચાલુ હોવુ જોઈએ<br>નોંધ – ધોરણ-૧૨ ના માર્કસના ૫૦ % અને MBBSના છેલ્લા વર્ષના માર્કસના ૫૦% લેખે મેરીટ બનાવવામાં આવશે | મહતમ ૪૦ વર્ષ | રૂ.૭૦,૦૦૦/- |
| ૨ | એમ.પી.એચ.ડબલ્યુ.<br>UHWC (કુલ જગ્યા – ૦૯) | ૧) ધોરણ – ૧૨ પાસ + MPHW નો એક વર્ષનો ટ્રેનીંગ કોર્ષ<br>અથવા<br>૧) ધોરણ – ૧૨ પાસ + સરકાર માન્ય સેનેટરી ઇન્સ્પેક્ટર સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોવો જોઈએ<br>૨) બેઝીક કોમ્પ્યુટર સર્ટિફીકેટ હોવુ જોઈએ<br>નોંધ – ધોરણ-૧૨ ના માર્કસના ૫૦ % અને MPHW/SI ના માર્કસના ૫૦% લેખે મેરીટ બનાવવામાં આવશે<br>MPHW ની ડિગ્રી ધરાવતા ઉમેદવારોને પ્રથમ પસંદ કરવામાં આવશે | ૪૫ વર્ષ સુધી | રૂ.૧૩,૦૦૦/- |
| 3 | સ્ટાફ નર્સ<br>(UHWC- ૦૯,<br>NHUM - ૦૧,<br>NRC - ૦૧, )<br>(કુલ જગ્યા – ૧૧) | ૧) ઉમેદવારે ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થા માંથી B.S.C Nursing કરેલ હોવું જોઈએ તેમજ ગુજરાત નર્સિંગ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરાવેલ હોવુ જરૂરી છે. અને હાલની સ્થિતિએ ચાલુ હોવું જોઈએ<br>અથવા<br>૧) ઉમેદવાર ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થા માંથી ડીપ્લોમાં ઇન જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી પાસ કરેલ હોવું જોઈએ તેમજ ગુજરાત નર્સિંગ કાઉન્સિલમાં રજીટ્રેશન કરાવેલ હોવુ જોઈએ અને હાલની સ્થિતિએ ચાલુ હોવું જોઈએ<br>૨) તેમજ બેઝીક કોમ્પ્યુટર કોર્ષ સર્ટિફિકેટ ધરાવતા હોવા જોઈએ<br>નોંધ – ધોરણ-૧૨ ના માર્કસના ૫૦ % અને B.Sc-Nursing/GNM ના માર્કસના ૫૦% લેખે મેરીટ બનાવવામાં આવશે | ૪૫ વર્ષ સુધી | રૂ.૧૩૦૦૦/- |
| ૪ | આયુષ મેડીકલ ઓફિસર પી.એચ.સી.<br>(કુલ જગ્યા-3) | ૧) બેચલર ઓફ હોમિયોપેથીક મેડિસિન એન્ડ સર્જરી (B.H.M.S.) / બેચલર ઓફ આયુર્વેદિક મેડિસિન એન્ડ સર્જરી (B.A.M.S.)<br>૨) ગુજરાત હોમિયોપેથિક/આયુર્વેદિક કાઉન્સિલનું રજીસ્ટ્રેશન હોવું જરૂરી છે અને હાલની સ્થિતિએ ચાલુ હોવું જોઈએ<br>નોંધ – ધોરણ-૧૨ ના માર્કસના ૫૦ % અને BHMS/BAMSના છેલ્લા વર્ષના માર્કસના ૫૦% લેખે મેરીટ બનાવવામાં આવશે | મહત્તમ ૪૦ વર્ષ | રૂ.૨૫૦૦૦/- |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | **આર.બી.એસ.કે. મેડીકલ ઓફિસર (ફીમેલ કુલ જગ્યા-૩)** | ૧) બેચલર ઓફ હોમિયોપેથીક મેડિસિન એન્ડ સર્જરી (B.H.M.S.) / બેચલર ઓફ આયુર્વેદિક મેડિસિન એન્ડ સર્જરી (B.A.M.S.)<br>૨) ગુજરાત હોમિયોપેથિક/આયુર્વેદિક કાઉન્સિલનું રજીસ્ટ્રેશન હોવું જરૂરી છે અને હાલની સ્થિતિએ ચાલુ હોવું જોઈએ<br>નોંધ – ધોરણ-૧૨ ના માર્કસના ૫૦ % અને BHMS/BAMSના છેલ્લા વર્ષના માર્કસના ૫૦% લેખે મેરીટ બનાવવામાં આવશે | મહત્તમ ૪૦ વર્ષ | રૂ.૨૫૦૦૦/- |
| ૬ | **ઇમ્યુનાઇઝેશન ફીલ્ડ વોલીન્ટીયર (કુલ જગ્યા - ૧ જિલ્લા કક્ષાએ )** | ૧) ઉમેદવાર માન્ય યુનિવર્સીટીના સ્નાતક અથવા અનુસ્નાતક ઇન સોસ્યાલ વર્ક, સ્નાતક અથવા અનુસ્નાતક ઇન રૂરલ મેનેજમેંટ (BRM/MRM),<br>૨) ઇમ્યુનાઇઝેશન / પલ્સ પોલીયોના ક્ષેત્રમાં કામગીરી/મોનીટરીંગનો અનુભવ<br>૩) તાલુકા તથા (PHC/UHC)કક્ષાએ કાર્ય આયોજન અને અમલીકરણ<br>૪) તાલુકા અને જિલ્લામાં વ્યાપકપણે પ્રવાસની તૈયારી<br>૫) પોતાની માલીકીનું વાહન મોટા ભાગેટુ-વ્હિલર મોટરરાઇઝ વ્હીકલ માન્ય દસ્તાવેજો અને માન્ય વિમા સાથે<br>૬) બેઝીક કોમ્પ્યુટર કૌશલ્ય (સામાન્ય રીતે વપરાતા વિંડોઝ, એમ.એસ.ઓફીસ અનેઇંટરનેટનો ઉપયોગ વધારાની લાયકાત),<br>૭) સારી મૌખીક અને લેખીત કોમ્યુમિકેશનસ્કીલ તેમજ ગુજરાતી/ઇગ્લીંશ/હીંન્દી ભાષામાં પ્રેઝેન્ટેશન નિપુર્ણતા,<br>૮) તાલુકા તથા (PHC/UHC) કક્ષાના હેલ્થ કેર ડીલીવરી સ્ટ્રકચરની સારી સમજણ હોવીજોઇએ.<br>૯) વિશ્વનિયતાનો સારો ટ્રેક રેકોર્ડ હોવો જોઇએ | ૨૧ થી ૪૦ વર્ષ થી વધુ નહી. | માનદ વેતન : રૂ.૬૦૦/- પ્રતિ વિઝીટ તથા ટી.એ. રૂ.૩૦૦/- પ્રતિ વિઝીટ (પ્રતિમાસ ૨૦ દિવસ ફીલ્ડ વિઝીટ) |
| ૭ | **ફાર્માસીસ્ટ<br>(RBSK-૦૫<br>NUHM-૦૨<br>કુલ જગ્યા – ૦૭)** | ૧) સરકાર માન્ય યુનિ./કોલેજ માંથી ડિગ્રી /ડિપ્લોમા ઈન ફાર્મસી અને ગુજરાત ફાર્મા કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન થયેલ હોવા જોઈએ અને હાલની સ્થિતિએ ચાલુ હોવું જોઈએ<br>૨) કોમ્પ્યુટર જાણકાર થતાં અનુભવને અગ્રતા<br>નોંધ – ધોરણ-૧૨ ના માર્કસના ૫૦ % અને ફાર્મસી કોર્સના માર્કસના ૫૦ % મુજબ મેરીટ બનાવવામાં આવશે અને કોમ્પ્યુટર જાણકાર તથા અનુભવ ધરાવતા ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે | મહતમ ૪૦ વર્ષ | રૂ.૧૩,૦૦૦/- |
| ૮ | **જીલ્લા એકાઉટન્ટ-<br>(કુલ જગ્યા - ૧)** | ૧) માન્ય યુનિ ના કોર્મસ સ્નાતક સાથે કોમ્યુટર નો બેઝિક એપ્લીકેશનના ડીપ્લોમા/સર્ટીફીકેટ કોર્સ<br>૨) કોમ્પ્યુટરમાં MS Office , MS Word (વર્ડ પ્રોસેસીંગની સારી જાણકારી) MS Excel અને MS Access (ડેટા એનાલીસીસ અને ગ્રાફ અને ચાર્ટ બનાવવાની જાણકારી)<br>૩) MS PowerPoint (કંટ્રોલીંગ ઓફિસરનેમાહિતીને સારી રીતે પ્રેઝનેટેશન સ્વરૂપમાં દર્શાવવાની જાણકારી)<br>૪) ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ઝડપી કોમ્પ્યુટર ટાઇપીંગ અને અંગ્રેજીમાં કામ કરવા માટેની સંપુર્ણ જાણકારી<br>૫) જિલ્લા એકાઉટન્ટ માટે એકાઉન્ટીગ ટેલી સોફટવેરની જાણકારી હોવી જરૂરી છે.<br>૬) ઓછામાં ઓછો ૩ થી ૫ વર્ષનો કામગીરીનો અનુભવ અને અંગ્રેજીમાં કામ કરવા અનુભવ હોવો જરૂરી છે.<br>નોંધ – સ્નાતક કોર્સના છેલ્લા વર્ષના માર્કસના ૨૦% અને કોમ્પ્યુટર પ્રેક્ટિકલ પરીક્ષાના ૩૦ માર્કસ એમ કુલ ૫૦ માર્કસનું મેરીટ બનાવવામાં આવશે | મહતમ ૪૦ વર્ષ | રૂ.૧૩,૦૦૦/- |
| ૯ | **તાલુકા પ્રોગ્રામ આસીસ્ટન્ટ<br>(કુલ જગ્યા – ૧,<br>હાલ – કોટડા સાંગાણી)** | ૧) માન્ય યુનિ.ના સ્નાતક સાથે કોમ્યુટર નો બેઝિક એપ્લીકેશનના ડીપ્લોમા/સર્ટીફીકેટ કોર્સ<br>૨) કોમ્પ્યુટરમાં MS Office , MS Word (વર્ડ પ્રોસેસીંગની સારી જાણકારી) MS Excel અને MS Access (ડેટા એનાલીસીસ અને ગ્રાફ અને ચાર્ટ બનાવવાની | ૪૦ વર્ષ સુધી | રૂ.૧૩૦૦૦/- |

| | | | | |
|---|---|---|---|---|
| | | જાણકારી)<br>૩ ) MS PowerPoint (કંટ્રોલીંગ ઓફિસરને માહિતીને સારી રીતે પ્રેઝનેટેશન સ્વરૂપમાં દર્શાવવાની જાણકારી<br>૪) ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ઝડપી કોમ્પ્યુટર ટાઇપીંગ અને અંગ્રેજીમાં કામ કરવા માટેની સંપુર્ણ જાણકારી<br>૫) ઓછામાં ઓછો ર થી ૩ વર્ષનો કામગીરીનો અનુભવ અને અંગ્રેજીમાં કામ કરવા અનુભવ હોવો જરૂરી છે.<br>નોંધ – સ્નાતક કોર્સના છેલ્લા વર્ષના માર્કસના ૨૦% અને કોમ્પ્યુટર પ્રેક્ટિકલ પરીક્ષાના ૩૦ માર્કસ એમ કુલ ૫૦ માર્કસનું મેરીટ બનાવવામાં આવશે | | |
| ૧૦ | **તાલુકા એકાઉટન્ટ-**<br>**(કુલ જગ્યા - ૧, હાલ લોધિકા)** | ૧) માન્ય યુનિ ના કોર્મસ સ્નાતક સાથે કોમ્યુટર નો બેઝિક એપ્લીકેશનના ડીપ્લોમા/સર્ટીફીકેટ કોર્સ<br>૨) કોમ્પ્યુટરમાં MS Office , MS Word (વર્ડ પ્રોસેસીંગની સારી જાણકારી) MS Excel અને MS Access (ડેટા એનાલીસીસ અને ગ્રાફ અને ચાર્ટ બનાવવાની જાણકારી)<br>૩ ) MS PowerPoint (કંટ્રોલીંગ ઓફિસરનેમાહિતીને સારી રીતે પ્રેઝનેટેશન સ્વરૂપમાં દર્શાવવાની જાણકારી<br>૪) ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ઝડપી કોમ્પ્યુટર ટાઇપીંગ અને અંગ્રેજીમાં કામ કરવા માટેની સંપુર્ણ જાણકારી<br>૫) તાલુકા એકાઉટન્ટ માટે એકાઉન્ટીગ ટેલી સોફટવેરની જાણકારી હોવી જરૂરી છે.<br>૬) ઓછામાં ઓછો ર થી ૩ વર્ષનો કામગીરીનો અનુભવ અને અંગ્રેજીમાં કામ કરવા અનુભવ હોવો જરૂરી છે.<br>નોંધ – સ્નાતક કોર્સના છેલ્લા વર્ષના માર્કસના ૨૦% અને કોમ્પ્યુટર પ્રેક્ટિકલ પરીક્ષાના ૩૦ માર્કસ એમ કુલ ૫૦ માર્કસનું મેરીટ બનાવવામાં આવશે | મહતમ ૪૦ વર્ષ | રૂ.૧૩,૦૦૦/- |

## ઓનલાઇન ફોર્મ ભરવા અંગેની જરૂરી સૂચનાઓ :

૧. ઉમેદવારની ફક્ત ઓનલાઇન **https://arogyasathi.gujarat.gov.in** પર મળેલ અરજી જ સ્વીકારવામાં આવશે. આર.પી.એ.ડી./ સ્પીડ પોસ્ટ/ કુરિયર/ સાદી ટપાલ/રૂબરૂ કે અન્ય રીતે મળેલ અરજીઓ માન્ય રહેશે નહી.

૨. સુવાચ્ય ઓરિજિનલ ડોક્યુમેન્ટની ફોટોકોપી સોફ્ટવેરમાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે. ધોરણ-૧૨ ની માર્કશીટ ફરજિયાત અપલોડ કરવાની રહેશે.

૩. અધૂરી વિગતોવાળી, ઉમેદવારે જરૂરી શૈક્ષણિક લાયકાત, અનુભવના પ્રમાણપત્ર, એચ.એસ.સી, ગ્રેજ્યુએટના અટેમ્પ્ટ સર્ટિફિકેટ, કાઉન્સીલ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ અને અન્ય જરૂરી પ્રમાણપત્ર જોડેલા નહી હોય, તો તેવી અરજીઓ અમાન્ય ગણાશે.

૪. વય મર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખનાં રોજ વય મર્યાદાની ગણતરી કરવામાં આવશે એટલેકે તમામ ઉમેદવારોના કિસ્સામાં વય મર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૦૬-૦૯-૨૦૨૩ ની સ્થિતીએ ધ્યાને લેવામાં આવશે

૫. ઉમેદવાર એક પોસ્ટ માટે એક કરતાં વધારે અરજી કરી શકશે નહી

૬. ભરતીની પ્રક્રિયા સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ મેરીટ પ્રમાણે કરવામાં આવશે. એક સરખા મેરિટના કિસ્સામાં જે ઉમેદવારની વય વધારે હશે, તેને અગ્રતા આપવામાં આવશે.

૭. ક્રમ નંબર ૮,૯ અને ૧૦ માં અરજી કરતા ઉમેદવારોએ કોમ્પ્યુટરની પ્રેકટીકલ પરીક્ષા આપવાની રહેશે.

૮. નિમણૂક પામેલ ઉમેદવારની અન્ય જિલ્લામાં બદલી થઈ શકશે નહી.

૯. નિમણુંકને લગત આખરી નિર્ણય મીશન ડાયરેકટર, ડીસ્ટ્રીકટ હેલ્થ સોસાયટી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને નેશનલ હેલ્થ મિશનની પ્રવર્તમાન શરતોને આધીન રહેશે.

સ્થળ : રાજકોટ

તા. ૨૯-૦૮-૨૦૨૩

**(સહી/- અવાચ્ય)**

**મિશન ડાયરેક્ટરશ્રી**

**ડિસ્ટ્રિકટ હેલ્થ સોસાયટી**

**અને**

**મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી રાજકોટ**